અમદાવાદનાં ૭માં મહે.એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૬,અમદાવાદ શહેર.

ફોજદારી કેસ નં.૧૯૩૨૭૩/૨૦૨૪
આંક–

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ– **આસીફ ઉર્ફે ગાંડી ફરીદખાન પઠાણ,**

**ગુન્હોઃજી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબ.**

// હુ ક મ //

(૧) આ કામનાં હાલનાં આરોપી વિરૂધ્ધમાં જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ છે. આ આરોપી વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે, આરોપીએ બનાવની તારીખે, સમયે અને સ્થળે પોલીસ કમિશ્નરનાં જાહેરનામાનો ભંગ કરેલ છે. આથી આરોપી સામે હાલનું જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનાં ગુનાનું ચાર્જશીટ પોલીસે કરેલ છે. તેને ફોજદારી કેસ રજીસ્ટરે લઇ કોગ્નીજન્સ લેવામાં આવેલ છે.

(૨) આરોપી આજ રોજ હાજર થઇ ગુનાની કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીને સમજાવવામાં આવે છે કે,તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી અને જો ગુનો કબુલ કરશે તો પુરસીસનો ઉપયોગ તેમની વિરૂધ્ધમાં પુરાવા તરીકે કરી યોગ્ય તે સજા અંગે હુકમ કરવામાં આવશે. ત્યારબાદ આરોપીએ ગુનો કરેલ છે. જેથી આરોપીને કબુલાત સ્વૈચ્છિક હોવાનુ જણાય છે. આરોપીને તહોમત સંભળાવી પ્લી રેકર્ડ કરતા તેમા પણ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આથી આરોપીને ચાર્જશીટ મુજબનાં ગુના અંગે દોષિત ઠરાવવામાં આવે છે.

(૩) આરોપીને સજા બાબતે પુછતા આરોપી જણાવે છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે. અને ગુના બદલ તેમને પસ્તાવો થાય છે. અને ભવિષ્યમાં આવા પ્રકારનો કોઇ ગુનો કરશે નહી. અગાઉ આવો ગુનો કરેલ નથી જેથી તેમના ઉપર દયા રાખવા અરજ ગુજારે છે.

(૪) આરોપીની રજુઆત ધ્યાને લીધી, ગુનાનો પ્રકાર અને સજાની જોગવાઇ ધ્યાને લીધી. તે હકીકત છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે અને અગાઉ આવા પ્રકારનો કોઇ ગુનો કરેલ નથી અને ગુના બદલ આરોપી પસ્તાવો વ્યક્ત કરે છે. આમ, આ તમામ હકીકત ધ્યાને લેતા આરોપીને વધુ સજા નહી કરતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// હુ ક મ //

આરોપીને જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) નાં ગુના માટે ક્રિમીનલ પ્રોસીઝર એક્ટની કલમ–૨૫૨ અન્વયે સજામાં રૂા.૧૦૦/–(અંકે રૂપિયા એક સો) પુરાનો દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો દિવસ–૦૧ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે વચગાળાનો થયેલ હુકમ શરતો રદ કરી કાયમ કરવામાં આવે છે./ મુદ્દામાલ અંગે પોલીસ ખરાઇ કરી માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે./મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી / સ્પે.મીજી.સટીંગ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૪/૧૨/૨૪

૭માં એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬,અમદાવાદ શહેર.